## જન્મદિને વધામણી



ચિરાન્શી રાજેશકુમાર પ્રજાપતિ
મો. ૮૪૦૧૬ ૧૬૩૬૧

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૧**
બાજીરાવ મસ્તાની
૧૨.૪૫, ૩.૪૫, ૭.૦૦, ૧૦.૧૫

**સ્ક્રીન-૨**
દિલવાલે
૧૨.૧૫, ૩.૧૫, ૬.૩૦, ૯.૪૫

**સ્ક્રીન-૩**
સ્ટાર વૉર્સ
૧૨.૦૦, ૨.૩૦, ૫.૦૦, ૭.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૪**
દિલવાલે
૧૦.૦૦
છેલ્લો દિવસ
૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

**સ્ક્રીન-૫**
દિલવાલે
૧૨.૧૫
બાજીરાવ મસ્તાની
સવારે ૧૦.૦૦

## ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ ખાતે મૅથ્સ ઍક્ઝીબિશન યોજાયું

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ, રાંધેજા ખાતે શ્રી રામાનુજનના જન્મદિન નિમિત્તે મૅથ્સ ઍક્ઝીબિશનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સંદર્ભે શાળાના તમામ વિદ્યાર્થીઓએ મૅથ્સના અનવવા પ્રૉજેક્ટ્સ બનાવી સુંદર રજૂઆત કરી હતી. શાળાના ટ્રસ્ટી તથા પ્રિન્સિપાલ દ્વારા પ્રૉજેક્ટ્સ નિહાળી બાળકોને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

# અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજની વિદ્યાર્થિની અંજલીની રીપબ્લિક ડે પરેડ માટે પસંદગી

ગાંધીનગર, તા. ૨૮

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન શ્રી અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજમાં અભ્યાસ કરતી ઍનઍસઍસ યુનિટની વિદ્યાર્થીની અંજલી પટેલની આગામી ૨૬મી જાન્યુઆરીના રોજ દિલ્હી ખાતે આયોજિત રિપબ્લિક ડે પરેડ માટે પસંદગી કરવામાં આવી છે.



રીપબ્લિક ડે પરેડ માટે વિદ્યાર્થીની પ્રથમ પસંદગી કૉલેજ કક્ષાએ, તે પછી યુનિવર્સિટી કક્ષાએ, રાજ્ય કક્ષાએ, વેસ્ટ ઝોન કક્ષાએ અને ત્યારબાદ નૅશનલ લેવલે થતી હોય છે. પરેડ ઉપરાંત સાંસ્કૃતિક પ્રવૃત્તિ, વકતવ્ય અને સમગ્ર વ્યક્તિત્વને આધારે આ પસંદગી કરવામાં આવે છે, જેમાં અંજલી સફળ રહી હતી. અંજલીને માર્ગદર્શન ઍનઍસઍસ પ્રોગ્રામ ઑફિસર રણછોડ રથવી દ્વારા પ્રાપ્ત થયું હતું. સમગ્ર ગુજરાતમાંથી ૪ વિદ્યાર્થીનીઓ અને ૪ વિદ્યાર્થીઓની પસંદગી આ પરેડ માટે કરવામાં આવે છે, જે પૈકી અંજલીની પણ પસંદગી થતાં કૉલેજ પરિવારમાં આનંદ અને ગૌરવની લાગણી ફેલાઈ ગઈ હતી. કૉલેજ પરિવાર વતી ઍનઍસઍસ પ્રોગ્રામ ઑફિસર અને યુનિવર્સિટી પ્રોગ્રામ કો-ઑર્ડિનેટર ડૉ. રણછોડ રથવી અને પ્રિન્સિપાલ ડૉ. વિજ્ઞા ઓઝાએ અંજલીને આ સિદ્ધિ માટે બિરદાવી પરેડ માટે શુભકામનાઓ પાઠવી હતી.

# ઍમ બી પટેલ શાળાની વિદ્યાર્થીનીઓએ છગનભા વિજયપદ્મોત્સવમાં ભાગ લીધો

## ૧૧ વિદ્યાર્થીનીઓ વિવિધ સ્પર્ધાઓમાં જોડાઈ જે પૈકી ચાર વિદ્યાર્થીઓએ ઈનામો પ્રાપ્ત કર્યા

ગાંધીનગર, તા. ૨૮

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી ઍમ બી પટેલ કન્યા પ્રાથમિક શાળાની વિદ્યાર્થીનીઓ તાજેતરમાં સંસ્થા ખાતે આયોજિત પૂજ્ય છગનભા વિજયપદ્મ સ્પર્ધામાં જોડાઈ હતી અને તેમણે સ્પર્ધામાં સુંદર દેખાવ કરી શાળાને ગૌરવ અપાવ્યું હતું.

આ સ્પર્ધામાં સંસ્થાની કડી, ગાંધીનગર, વડનગરની શાળાની વિદ્યાર્થીનીઓએ ભાગ લઈ પોતાનું કૌશલ પ્રદર્શિત કર્યું હતું.

ઍમ બી પટેલ સ્કૂલની ૧૧ વિદ્યાર્થનીઓ આ સ્પર્ધામાં જોડાઈ હતી, જે પૈકી લાંબી કૂદમાં ભાગ્યશ્રી સંજયસિંહ ચંપાવત (૮ અ) પ્રથમ, ગોળા ફેંકમાં નિષિા ભગવાનભાઈ ચૌધરી (૮ ક) પ્રથમ, સ્કેટીંગમાં યાત્રી હસમુખભાઈ પટેલ (૮ ક) તૃતિય, ટેબલ ટેનિસમાં તુલસી હિતેશભાઈ જાની (૭ અ) દ્વિતિય ક્રમે વિજેતા બન્યાં હતાં અને શિલ્ડ પ્રાપ્ત કર્યો હતો.

વિદ્યાર્થીનીઓને શાળાનાં વ્યાયામ શિક્ષિકા દક્ષાબેન ઍમ પટેલ દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આચાર્યા નિરૂબેન પટેલે તમામ વિદ્યાર્થીઓને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

# અમદાવાદ-ગાંધીનગર સ્થિત સરઢવવાસીઓનો વાર્ષિક સ્નેહમિલન સમારોહ અમદાવાદમાં યોજાયો



## સરઢવ પ્રગતિ મંડળના મંત્રી કાન્તીભાઈ પટેલનું સન્માન કરાયું

ગાંધીનગર, તા. ૨૮

અમદાવાદ, ગાંધીનગર સ્થિત સરઢવવાસીઓનો સ્નેહમિલન સમારોહ, રમતગમત તથા ગરબા મહોત્સવ ઉમિયા ધામ, સોલા ખાતે સરઢવ પ્રગતિ મંડળ દ્વારા ડૉ. કે ટી પટેલના અધ્યક્ષસ્થાને યોજવામાં આવ્યો હતો. સતત ત્રણ દાયકા સુધી મંત્રી તરીકે સેવા આપનારા કાન્તીભાઈ શંકરભાઈ પટેલ (નૂતન ફૅલોશીપ)નું આ પ્રસંગે સન્માનપત્ર, શાલ અને સ્મૃતિચિન્હના માધ્યમથી સન્માન કરવામાં આવ્યું હતું. ૧૦૦થી વધુ વિદ્યાર્થીઓનું સન્માન અભ્યાસમાં ઉજ્જવળ પરિણામ મેળવવા બદલ કરવામાં આવ્યું હતું અને કૈલાસ માનસરોવરની યાત્રા કરનાર સમાજજનનું પણ સન્માન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે નવીનભાઈ પટેલ, કેળવણી મંડળના શંકરભાઈ પટેલ, કાન્તીભાઈ એસ પટેલ, દશરથભાઈ પટેલ, ડેપ્યુટી કલેક્ટર હસમુખભાઈ પટેલ, અમેરિકા નિવાસી ડૉ. રસિકભાઈ નાથાલાલ પટેલ તથા વિશાળા સંખ્યામાં સમાજજનો ઉપસ્થિત રહ્યા હતા.

ભોળાભાઈ પટેલ કૉલેજ ઑફ કૉમ્પ્યુટર સ્ટડીઝ, ગાંધીનગર દ્વારા

# ત્રણ દિવસીય આઈટી ફૅરનો આરંભ






## ફૅરને સમાંતર 'અક્ષ' નામની આર્ટ તથા લિટરરી ઈવેન્ટનું પણ આયોજન

ગાંધીનગર, તા. ૨૮

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંચાલિત ભોળાભાઈ પટેલ કૉલેજ ઑફ કૉમ્પ્યુટર સ્ટડીઝ, ગાંધીનગર દ્વારા ત્રણ દિવસીય આઈટી ફૅર અને 'અક્ષ' નામની આર્ટ તથા લિટરરી ઈવેન્ટનો આરંભ કૉલેજ ખાતે કરવામાં આવ્યો છે.

આ ઈવેન્ટ દરમ્યાન ગાંધીનગર, અમદાવાદ અને આસપાસના જિલ્લાઓની ૬૦થી વધુ સ્કૂલ્સના ૬૧૨૫થી વધુ વિદ્યાર્થીઓ આઈટી ફૅરની મુલાકાત લેશે. આઈટી ફૅરમાં અલગ અલગ થીમ દર્શાવતા ૧૬થી વધુ સ્ટોલ્સમાં કૉમ્પ્યુટર અને તેને સંલગ્ન ટૅકનોલૉજી જેવી કે હાર્ડવેર ગેરેજ, કૉમ્પ્યુટરની કાર્યશૈલી, કૉમ્પ્યુટર નેટવર્ક, ઈ-કોમર્સ, ઈમેજ વર્લ્ડ, રોબોટીક્સ, સાયબર વોર, બાયોમેટ્રીક્સ, સ્માર્ટ સિટી ઈમેજ પ્રોસેસીંગ, ઈલેક્ટ્રોનિક્સ ફોર યુ, મલ્ટીમીડિયા, ફોટોશોપ, જીઍમઍસ અને વર્ચ્યુઅલ રિયાલિટી જેવા વિવિધ ક્ષેત્રો આવરી લેવામાં આવ્યા છે. વિદ્યાર્થીઓની કૉલેજ મુલાકાત પાછળનો મુખ્ય ઉદ્દેશ કૉમ્પ્યુર અને તેને સંલગ્ન ટૅકનોલૉજીની ઊંડાણમાં જાણકારી પ્રાપ્ત કરવાનો અને ઔદ્યોગિક એકમની હાલની માગને પહોંચી વળવા માટે નવી પેઢી તૈયાર કરવાનો છે.

આજે આ ઈવેન્ટને કડી સર્વ વિશ્વવિદ્યાલયના ડિરેક્ટર ડી ટી કાપડિયા દ્વારા દીપ પ્રાગટ્ય કરીને ખુલ્લી મૂકવામાં આવી હતી. આ પ્રસંગે સંસ્થાની વિવિધ શાળાઓ અને કૉલેજોના આચાર્યો ઉપસ્થિત રહ્યા હતા. કેઍસવીના પ્રેસીડેન્ટ વલ્લભભાઈ પટેલે આ ફૅરની મુલાકાત દરમ્યાન ઉપયોગી માર્ગદર્શન આપી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

આજે પ્રથમ દિવસે જ ધોરણ-૧૧ અને ૧૨ના ૧૭થી વધારે શાળાઓના ૩૪૬૮ વિદ્યાર્થીઓએ આઈટી ફૅરની મુલાકાત લીધી હતી. સાથે-સાથે આર્ટ અને લીટરરી ઈવેન્ટ અંતર્ગત આ જ શાળાઓના ૭૫૦થી વધુ વિદ્યાર્થીઓએ કાર્ડ મેકીંગ, વક્તૃત્વ, મહેંદી, મેથ પઝલ, જી કે ક્વીઝ, રંગોળી અને સ્ટોરી કમ્પલીશન જેવી સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો. દરેક ઈવેન્ટ માટે પ્રથમ બે સ્થાને વિજેતા વિદ્યાર્થીઓ માટે ઈનામોની જાહેરાત કરવામાં આવી હતી.

વિદ્યાર્થીઓ જ્ઞાન સાથે ગમ્મત મેળવી શકે તે માટે કૉમ્પ્યુટર લૅબમાં ગેમ ઝોન અંતર્ગત ૧૧ કરતાં વધારે ગેમ્સનું આયોજન કરવામાં આવ્યું છે અને વર્ચ્યુઅલ રિયાલિટીના સ્ટોલમાં વિદ્યાર્થીઓને ભવિષ્યમાં રોજ-બ-રોજનાં કાર્યો કેવી રીતે કરવા તેનું આગોતરું આયોજન કરી શકાય છે તે સમજાવવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓની એકાગ્રતા, સ્પીડ અને ચપળતા માપતા ૬ સ્ટોલ ફન ઝોનમાં મૂકવામાં આવ્યા છે, જેમાં વિદ્યાર્થીઓ ઉત્સાહપૂર્વક ભાગ લઈ રહ્યા છે.

## જે બી પ્રાથમિક શાળા દ્વારા બે દિવસીય શૈક્ષણિક પ્રવાસ યોજાયો

ગાંધીનગર, તા. ૨૮

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જે બી પ્રાથમિક શાળામાં ધોરણ-૫ અને ૬માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે બે દિવસીય શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વિદ્યાર્થીઓ ઉત્સાહપૂર્વક જોડાયા હતા.

કુલ ૧૫૬ જેટલા વિદ્યાર્થીઓ આ આનંદસભર પ્રવાસમાં જોડાયા હતા. સરદાર સરોવર, વડોદરા, કબીર વડ, આજવા-નિમેટાની મુલાકાત આ પ્રવાસ દરમ્યાન વિદ્યાર્થીઓએ લીધી હતી અને આ સ્થળો વિશે મહત્ત્વની વિગતો પ્રાપ્ત કરી હતી. આ ઉપરાંત, ફન વર્લ્ડમાં વિદ્યાર્થીઓએ થોડા સમય માટે ભણતરનો ભાર ભૂલી મુક્ત મને આનંદ માણ્યો હતો અને અહીં વિવિધ રાઈડ્સની મજા માણી હતી.

જ્ઞાન સાથે ગમ્મત પૂરી પાડનારા આ સુંદર પ્રવાસ બદલ સૌ વિદ્યાર્થીઓએ સંચાલક એવા શાળા પરિવાર પ્રતિ આભારની લાગણી વ્યક્ત કરી હતી.

## બીઆરસી ભવન, સૅક્ટર-૧૨ ખાતે મૅટ્રીક મેળો યોજાયો






બીઆરસી ભવન, સૅક્ટર-૧૨ ખાતે તાજેતરમાં મૅટ્રીક મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. ઍસટીપી વર્ગના તાલુકાના બાળમિત્રોએ આ મેળામાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. બીઆરપી આઈડી પ્રજ્ઞાબેન, જિલ્લા કો-ઓર્ડિનેટર અને ડીપીઓ એન એમ રાઠોડ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. **(તસવીર : કશ્યપ નિમાવત)**

આર્ષ અક્ષરધામ પ્રવચનમાળા અંતર્ગત

# "કવિરાજ સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામી" વિષય પર પ્રવચનમાળા યોજાઈ





ગાંધીનગર, તા. ૨૮

આર્ષ શોધ સંસ્થાન ગાંધીનગર દ્વારા પરમ પૂજ્ય શ્રી પ્રમુખસ્વામી મહારાજની પ્રેરણાથી છેલ્લા ૧૮ વર્ષથી નિયમિતરૂપે ભારતીય મૂલ્યોનું સંવર્ધન થાય, તે હેતુને લક્ષમાં રાખીને સંસ્થાના વિદ્વાનો દ્વારા વ્યકિતવિશેષ, સામાજિક સમસ્યા, દર્શન અને શાસ્ત્ર પર ત્રૈમાસિક પ્રવચનનું આયોજન કરવામાં આવે છે. તાજેતરમાં વ્યક્તિવિશેષ વિષયક પ્રવચનમાળા અંતર્ગત 'આર્ષ' અક્ષરધામ દ્વારા 'કવિરાજ સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામી' ૭૪મી પ્રવચનમાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સંસ્થાના વિદ્વાન સંત પૂજ્ય સોમપ્રકાશદાસ સ્વામીએ આ વિષે મનનીય પ્રવચન કર્યું હતું. પ્રવચનમાં મોટી સંખ્યામાં શ્રોતાઓએ ભાગ લીધો હતો.

પૂ. સોમપ્રકાશદાસ સ્વામીએ તેમના પ્રવચનમાં જણાવ્યું હતું કે, શ્રીજી મહારાજના સખા ભક્ત ગણાતા બ્રહ્માનંદ સ્વામી નિષ્કામ કર્મયોગી હતા. છંદો, પદ્યો-ગદ્યો, રાગ, પિંગલ જેવી કળાઓના જાણકાર વૈરાગ્યમૂર્તિ (લાડુદાન) બ્રહ્માનંદ સ્વામીનો જન્મ સં. ૧૮૨૮, વસંતપંચમીને દિવસે મારવાડ પ્રદેશના ખાણ ગામમાં થયો હતો. શિરોહીના મહારાજા તરફથી તેમના પરદાદાને ખાણ ગામ ભેટમાં મળ્યુંહતુ. પિતા શંભુદાનજી રાજકવિ હતા. એક દિવસ મહારાજાને ત્યાં લગ્ન પ્રસંગે તેમના પિતાજી સાથે દરબાર ગઢમાં જવાનું થયેલ. ત્યાં લાડુદાને મહારાજાને અદ્‌ભૂત રાગ સાથે છંદ-દોહા સંભળાવ્યા. આનાથી અભિભૂત થઈ મહારાજાએ ૧૫ વર્ષના લાડુદાનની અદ્‌ભૂત વાકછટા અને પ્રભાવી શૈલીથી પ્રભાવિત થઈને તેઓને પિંગળ ભણાવવા જણાવ્યું. લાડુદાનના માતા-પિતાએ રાજાના આદેશાનુસાર લાડુદાનને પિંગળ ભણવા માટે ભૂજમાં મોકલ્યા. ભૂજની પાઠશાળાના આચાર્ય અભયદાનજીએ બીજા દિવસથી અભ્યાસ શરૂ કર્યો. સતત દસ વર્ષ સુધી એક જ પાઠશાળામાં અભ્યાસ કરનાર વિદ્યાથીની યાદીમાં માત્ર એક જ વિદ્યાથી હતો અને એ હતા લાડુદાન. કચ્છમાં પિંગળ ભણવા મોકલેલ ત્યાં તેમણે અમૃતધ્વનિ અને રેણકી છંદનું એવું તો અદ્‌ભૂત અધ્યયન કર્યું કે, આ રાગ સાંભળતા લોકો ઊંઘમાંથી જાગી જતા અને મુગ્ધ બની જતા.

શતાવધાન પ્રશ્નો (એકી સાથે પૂછાયેલ ૧૦૦ જેટલા કોઈપણ પ્રકારના પ્રશ્નો, વિજ્ઞાન, રાજકીય, આર્થિક વગેરે)ના તેમણે ઘણી વખત સંતોષકારક પ્રત્યુત્તરો આપ્યા છે. ઘણા રાજા-મહારાજાઓએ તેમને મોટા-મોટા શિરપાવ આપ્યા હતા. લાડુદાનજીએ જેટલા નગર, રાજ્યોમાં વિચરણ કર્યુ ત્યાં ત્યાં રાજા મહારાજાઓએ તેમને પોતાને ત્યાં જ આજીવન રોકાઈ જવા જાતજાતના પ્રલોભનો આપ્યા પરંતુ તેઓ ક્યાંય રોકાયા નહિ. બધી જગ્યાએ ભ્રમણ કરતાં કરતાં છેલ્લે રાજસ્થાન પરત ફરતાં ગઢડામાં કોઈક સ્વામિનારાયણ નામે ભગવાન છે અને આજના યુગમાં કોઈ ભગવાન ન હોઈ શકે એ ભ્રમણાથી ભગવાન સ્વામિનારાયણને ઉઘાડા પાડવાના ઈરાદાથી તેઓ ગઢડા ઉપડ્યા. પરંતુ તેઓ કંઈ પૂછે એ પહેલાં જ ભગવાન સ્વામિનારાયણે તેઓ રાજસ્થાનના ખાણ પ્રદેશથી નીકળીને અહીં ગઢડા સુધી પહોચ્યા ત્યાં સુધીનું સમગ્ર વૃતાંત સવિસ્તાર કહી સંભળાવ્યું.

તમામ વિદ્યામાં પારંગત એવા લાડુદાનજી માટે આટલું પૂરતું જ હતું. લાડુદાનજીને અત્યાર સુધીમા મળેલ તમામ જર-જાગીર, શિરપાવ વગેરે છોડી દઈને ભગવાન સ્વામિનારાયણ પાસે રોકાઈ ગયા. આખરે ભગવાન સ્વામિનારાયણ પાસે દીક્ષા લીધી અને શ્રીજી મહારાજે શ્રીરંગદાસ નામ આપ્યું. તેઓ લાડુદાનમાંથી શ્રીરંગદાસ તરીકે સંપ્રદાયમાં જાણીતા થયા. સમયાંતરે શ્રીરંગદાસ સ્વામી મહારાજમય થતા ગયા અને બ્રહ્મનો આનંદ મેળવતા ગયા. જેથી તેઓ બ્રહ્માનંદ નામે સમગ્ર સંપ્રદાયમાં પ્રસિદ્ધ થયા.

ઉલ્લેખનીય છે કે બ્રહ્માનંદ સ્વામીએ આઠ હજાર જેટલાં કીર્તનો ઉપરાંત કેટલાય છંદ અને પદો લખ્યાં છે.

# વિતેલા જમાનાની સૌથી સફળ, સિલ્વર જ્યુબિલી હિરોઈન : સાધના

૧૯૬૦થી ૧૯૭૦ના દાયકામાં હિન્દી ફિલ્મોની સૌથી સફળ નાયિકા સાધના શિવદાસાણીનું ૭૪ વર્ષની વયે મુંબઈ ખાતે કૅન્સરની બિમારીથી મૃત્યુ થયું છે. 'અભાણા' નામની સિન્ધી ફિલ્મથી ફિલ્મક્ષેત્રે પ્રવેશ કરનાર સાધનાનો જન્મ ૧૯૪૧ના વર્ષમાં તે સમયના અખંડ હિન્દુસ્તાનના સિન્ધ પ્રાન્તમાં થયો હો. નિર્માતા-નિર્દેશક શશધર મુખર્જીએ પોતાના પુત્ર જૉય મુખર્જીને ચમકાવવા માટે નવી હિરોઈન તરીકે સાધના શિવદાસાણીને પસંદ કરી હતી. યોગાનુયોગ સંગીતકાર તરીકે ઈકબાલ કુરેશીની પણ તે પહેલી જ ફિલ્મ હતી. ફિલ્મનું નામ હતું 'લવ ઈન શિમલા.' ભારતના અત્યંત સફળ અને ખ્યાતનામ ફિલ્મકાર બિમલ રૉયે પણ શશધર મુખર્જીની પસંદગી ઉપર મહોર મારતાં સાધનાને પોતાની ફિલ્મ 'પરખ'માં મુખ્ય અભિનેત્રીનો રોલ આપ્યો. આ ફિલ્મમાં મુખ્ય અભિનેતાની ભૂમિકામાં વસંત ચૌધરી જેવા ઓછા જાણીતા કલાકાર હતા. પરંતુ ફિલ્મમાં સલીલ ચૌધરીના સંગીત નિર્દેશનમાં લતાએ ગાયેલાં બે ગીતો અત્યંત સફળ રહ્યાં હતાં : 'મિલા હૈ કિસી કા ઝુમખા ઠંડે ઠંડે હરે હરે નીમ તલે...' અને 'ઓ સજના બરખા બહાર આઈ...' પરંતુ ત્યારબાદ દેવ આનંદે પોતાની ફિલ્મ 'હમ દોનોં' માટે સાધનાને પસંદ કરી. દેવ આનંદે પોતાની સફળ કારકિર્દી દરમ્યાન આ





જ ફિલ્મ માટે ડબલ રોલ નિભાવ્યા હતા એ વાત અહીં ઉલ્લેખનીય છે. ફિલ્મમાં તેમણે સચિવ દેવ બર્મનના સહાયક સંગીત નિર્દેશક તરીકે રહેલા જયદેવને ચાન્સ આપ્યો. આ ફિલ્મ પોતાના જમાનાની અત્યંત સફળ ફિલ્મ હતી. સાહિર લુધિયાનવીની કલમે લખાયેલાં તમામ ગીતો ખૂબ જ સફળ થયાં. આજે પણ આ ગીતો રેડિયો અને ટીવીમાં સાંભળવા, જોવા મળે છે : 'અભી ના જાઓ છોડકર, યે દિલ અભી ભરા નહીં...' 'મૈં જિંદગી કા સાથ નિભાતા ચલા ગયા, હર ફિકર કો ધૂંએ મેં ઉડાતા ચલા ગયા...', 'કભી ખુદ પે કભી હાલાત પે રોના આયા...' 'અલ્લાહ તેરો નામ, ઈશ્વર તેરો નામ...' 'પ્રભુ તેરા નામ જો ધ્યાયે, ફલ પાયે...'

આ પછી સાધનાની લાગલગાટ દસ વર્ષ સુધીમાં કુલ ૨૧ ફિલ્મો રિલીઝ થઈ, તે પૈકી ૧૧ ફિલ્મોએ સિલ્વર જ્યુબિલી મનાવી :

અસલી નકલી (૧૯૬૨), સંગીતકાર : શંકર જયકિશન, એક મુસાફીર એક હસીના (૧૯૬૨), સંગીતકાર : ઓમપ્રકાશ નૈયર, મેરે મહેબૂબ (૧૯૬૩) સંગીતકાર : નૌશાદ અલી, દુલ્હા દુલ્હન (૧૯૬૪) સંગીતકાર : કલ્યાણજી આણંદજી, રાજકુમાર (૧૯૬૪) સંગીતકાર : શંકર જયકિશન, વહ કૌન થી (૧૯૬૪), સંગીતકાર : મદન મોહન, આરઝૂ (૧૯૬૫) સંગીતકાર : જયકિશન, વક્ત (૧૯૬૫) સંગીતકાર : રવિ, બદતમીઝ (૧૯૬૬) સંગીતકાર : શંકર જયકિશન, મેરા સાયા (૧૯૬૬), સંગીતકાર : મદન મોહન, અનિતા (૧૯૬૭), સંગીતકાર : લક્ષ્મીકાન્ત પ્યારેલાલ.

૧૯૬૬ના વર્ષમાં સાધનાએ પોતાનાથી ખાસ્સી મોટી ઉંમરના આર કે નૈયર સાથે લગ્ન કર્યા. તેને થાયરોઈડની બિમારી થઈ. તેની આંખોના ડોળા બહાર આવી ગયા અને તે અમેરિકા ઈલાજ માટે ગઈ. આ દરમિયાન રાજકપૂર અને દિલીપકુમાર સાથે 'ઍરાઉન્ડ ધ વર્લ્ડ' અને 'સંઘર્ષ' ફિલ્મ ગુમાવવી પડી. લાંબા સમય બાદ તે સ્વસ્થ થઈ પાછી આવી અને ત્યારબાદ જે ફિલ્મો કરી એ પણ સફળ થઈ : ઈન્તેકામ (૧૯૬૯) અને એક ફૂલ દો માલી (૧૯૬૯).

ત્યારબાદ ઠેઠ ૧૯૭૪ના વર્ષમાં એક ફિલ્મ 'ગીતા મેરા નામ'માં સુનીલ દત્ત સાથે સાધના આવી. ફિલ્મના સંગીતકાર હતા લક્ષ્મીકાન્ત પ્યારેલાલ.

આ ફિલ્મને ખુદ સાધના નૈયરે નિર્દેશિત કરી હતી. ફિલ્મ સફળ ના રહી અને સાધના ફિલ્મોથી હંમેશ માટે દૂર રહી પોતાની જાતને ફિલ્મની મૅગેઝીન અને ફિલ્મી પત્રકારોથી પણ દૂર રાખતી રહી.

**- ભાર્ગવ હરનારાયણ ભટ્ટ**